# ગાંધીનગરનું સૌથી મોટું વેપારી મથક સેક્ટર-૨૧

ગુજરાત રાજ્યનું પાટનગર ગાંધીનગર જેની નગર રચના ચંદીગઢની પેટર્નથી કરવામાં આવી છે ગાંધીનગર


(તસવીર : દિપક જાની)

સેક્ટર-૧ થી ૩૦ સેક્ટરોમાં બિભાજીત છે. સેક્ટરોને જોડતા રસ્તાઓ બારાખડીની યાદ અપાવે છે. ક, ખ, ગ, ઘ, ચ, છ અને જ આ નગરના મુખ્ય રાજમાર્ગો છે. બધા સેક્ટરોમાં સૌથી વધુ વિકસીત અને વાણિજ્ય વેપાર મથક કહી શકાય એવું એકમાત્ર સેક્ટર એટલે



સેક્ટર-૨૧. સેક્ટરની પૂર્વ દિશામાં રાજભવન તથા મંત્રીશ્રીઓના નિવાસસ્થાન તેમજ પ્રસિદ્ધ યાત્રાધામ અક્ષરધામ આવેલ છે.

યાત્રાધામની કોતરણી, વૉટર શૉ, પ્રદર્શન જોવા માટે જ્ઞાતિ ભેદને દુર રાખી સૌ કોઈ કતારમાં ખડા થઈ જાય છે. અક્ષરધામ એ પાટનગરના ગૌરવને ચાર ચાંદ લગાડતું યાત્રાધામ છે તેમ કહી શકાય. ઉત્તરમાં સેક્ટર-



૧૦ કે જ્યાં જીવરાજ મહેતા ભવન (જૂનું સચિવાલય) પશ્ચિમ દિશામાં સેક્ટર-૨૨માં પંચદેવ મંદિર તેમજ અતિ પ્રાચીન શિવાલય માલણેશ્વર મહાદેવ પવિત્ર ધામ છે. સેક્ટરની દક્ષિણે સેક્ટર-૩૦માં ઉદયભાણસિંહજી સહકારી તાલીમ ભવન પણ છે. ગાંધીનગરનું સૌથી મોટું હોલસેલ શાકમાર્કેટ સેક્ટર-૨૧માં છે. જ્યાં નીત નવી તાજી શાકભાજી મળી રહે છે. ગુજરાત ભરમાંથી ચૂંટાયેલા ધારાસભ્યોના નિવાસસ્થાન પણ આ સેક્ટરમાં આવેલા છે. ફર્નીચર માટેનું મોટું બજાર પણ સેક્ટર-૨૧માં છે.


ગાંધીનગર ક્રિકેટ એસોસિએશનનું ક્રિકેટનું મેદાન ક્રિકેટના ખેલાડીઓ માટે માનીતું સ્થળ છે. નગરની જુની લાયબ્રેરી આ સેક્ટરની શોભા છે. આ સેક્ટરના વસાહતીઓની ધાર્મિક માન્યતાને પણ દાદ દેવી પડે. સાતથી આઠ વિવિધ ધર્મસ્થાનો આ સેક્ટરમાં સંસ્કૃતિને જીવંત રાખવા અડીખમ ઉભા છે. જેમાં વૈજનાથ મંદિર, ગોવર્ધનનાથજીની હવેલી, જૈન દેરાસર, જુમ્મા મસ્જિદ, કેથોલિક ચર્ચ, રાજરાજેશ્વર મહાદેવ, અંબે માતાજીનું મંદિર વિગેરે ધાર્મિક શ્રદ્ધાને જીવંત રાખવા નિમિત્ત બને છે. અન્ય નાગરિક સવલતોમાં બેન્ક ઓફ બરોડા, બેંક ઓફ સૌરાષ્ટ્રનું મકાન, બેંક ઓફ ઈન્ડિયા,



ગાંધીનગર નાગરિક અર્બન કો. ઓ. બેન્ક વિગેરેની શાખાઓ સેક્ટરની આર્થિક સદ્ધરતાની શાખ પૂરે છે. માઉન્ટ કાર્મેલ સ્કૂલ અને સરકારી પ્રાથમિક શાળા પણ ખરી જ. સેક્ટરમાં થિયેટરની આસપાસ ગેસ્ટ હાઉસ પણ મોટી સંખ્યામાં વિકાસ પામ્યા હતા પણ થિયેટર બંધ પડતાં ગેસ્ટ હાઉસોને પણ મંદીની અસર વર્તાતી હોય તેમ લાગી રહ્યું છે.



સત્તાધારી પક્ષ ભાજપનું કાર્યાલય 'કમલમ્' આ સેક્ટરમાં સતત પ્રવૃત્તિશીલ છે. શાકમાર્કેટ પાસે બાપા સીતારામની મઢુલી અને શુદ્ધ પાણીની પરબ ભાવિક ભક્તોના આકર્ષણનું કેન્દ્ર ઉભું કરે છે. જૂના સેક્ટરો માટે સેક્ટર-૨૧ એ મોટું વેપારી મથક અને જીવન



જરૂરિયાતની તમામ વસ્તુઓ મેળવવાનું એક માત્ર સુપર માર્કેટ કહી શકાય. નગરના છેવાડે રહેતો એક પણ વસાહતી એવો નહિ હોય જેણે સેક્ટર-૨૧ની મુલાકાત લીધી ન હોય.. ખરેખર સેક્ટર-૨૧ની ધરતીની સોડમ જીવનને સુગંધિત કરી નાંખે તેવી છે કોઈ વાર મુલાકાત લઈને જોજો પછી વાત... - અશોક સોનેરી

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદે પ્રત્યેક

# સેકટરમાં માઈક્રોશોપ્સ ઊભી કરી બેરોજગારી ઘટાડવા કરેલી માંગ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર પાટનગરને સ્વચ્છ, સુંદર અને સુશોભિત કરવા માટે અનેક સમસ્યાઓ/પ્રશ્નોના નિરાકરણની જરૂર છે. તેમાંનો એક સળગતો પ્રશ્ન લારી-ગલ્લાઓ દૂર કરવા અંગેનો છે. દબાણ શાખા દ્વારા અનેકવાર લારી-ગલ્લા દૂર કરવાના દેખાવ પૂરતા પ્રયાસો થયેલા છે, પરંતુ પરિસ્થિતિમાં ફેર પડેલ નથી. આમાં વર્તમાન બેરોજગાર શિક્ષિત, અર્ધશિક્ષિત અને અશિક્ષિત યુવાનોની રોજગારીનો પ્રશ્ન સંકળાયેલ છે, પરંતુ ગાંધીનગરના આવા બેરોજગાર યુવાનોએ કાયેદસર નાના-મોટા વેપાર કરી શકાય તે માટી લારી-ગલ્લા રાખેલ છે, છેલ્લા વીસેક વર્ષથી જીવન-નિર્વાહ ચલાવે છે. તેનાં સ્થળો અને સંખ્યા બધાની અને ખાસ કરીને સરકારી તંત્રની જાણકારીમાં જ છે. પાટનગરના બેરોજગાર યુવાનો તેઓનો જીવન-નિર્વાહ ચલાવવા માટે લારી-ગલ્લા રાખીને નાનો-મોટો વેપાર કરીને કુટુંબનું ભરણ-પોષણ કરે છે. તેઓ ઉપર અવાર-નવાર સરકારી તંત્ર દ્વારા ઘોંસ બોલાવવામાં આવે છે અને પરિણામે તેઓના જીવન નિર્વાહમાં વિટંબણાઓ ઊભી થાય છે તેવું નિવારવા માટે અને રાજય સરકારની પ્રતિષ્ઠા પ્રમાણે આવા બેરોજગાર લારી-ગલ્લાવાળાઓ માટે પાટનગરના તમામ સેક્ટરમાં જરૂરીયાત મુજબના માઈક્રોશોપ્સ બનાવવાની અનિવાર્યતા રહે છે.

ભૂતકાળમાં માર્ગ મકાન મંત્રીએ રૂબરૂ મુલાકાતમાં ૨૦૦થી વધારે માઈક્રોશોપ્સ બનાવી આપવાનું આશ્વાસન આપ્યું હતું, પરંતુ પાટનગર બન્યાને ૪૨ વર્ષના વ્હાણાં વાઈ ગયા પછી પણ પાટનગરમાંના બેરોજગાર લારી ગલ્લાવાળાઓ માટે પૂરતા પ્રોત્સાહન સાથેની માઈક્રોશોપ્સની વ્યવસ્થા કરવામાં રાજય સરકાર નિષ્ફળ રહી છે. દેશના પાટનગર નવી દિલ્હી, ભુવનેશ્વર અને ચંદીગઢમાં પણ રાજય સરકારે માઈક્રોશોપ્સ પૂરતા પ્રમાણમાં બનાવી આપીને લારી-ગલ્લાનું દૂષણ દૂર કર્યું છે અને બેરોજગાર યુવાનોને માનભેર જીવન નિર્વાહ માટે સુવિધાઓ કરી આપી છે. છેલ્લા દસ જેટલા વર્ષથી પાટનગરની વિવિધ સેવાભાવી સંસ્થાઓ આ પ્રશ્નો રજુઆત કરતી રહી છે પરંતુ પરિણામ શૂન્ય મળ્યું છે. જાણકારી પ્રમાણે ૨૦૦૩માં જ ઉચિત નિર્ણય લેવાઈ ગયા પછી પણ યેનકેન પ્રકારે પ્રશ્નનું આખરી સમાધાન કરવામાં આવતું નથી.

રાજય સરકારની અને ખાસ કરીને ઈચ્છાશકિતની જ જરૂર છે આ પ્રશ્નને ગંભીરગણીને તેનો વહેલામાં વહેલી તકે આખરી ઉકેલ લવાય તેવું સૌ ઈચ્છી રહ્યા છે.

# સેક્ટર-૩ના વસાહતમંડળના પદાધિકારીઓને ઉપવાસ આંદોલન નહિ કરવા માટે અપીલ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના વિકાસમાં વસાહત મંડળોનો સિંહ ફાળો રહ્યો છે. તેટલું જ નહિ રચનાત્મક અભિગમથી ચાલતા બીન રાજકીય વસાહત મંડળો જનતાની મુશ્કેલી, સુવિધા માટે જ રજુઆતો કરતા હોય છે. તંત્ર પણ તેની રજુઆત રચનાત્મક અભિગમથી પ્રશ્નો હાથ પર લે છે. સેક્ટર-૩ વસાહત મંડળના પદાધિકારીઓ સર્વશ્રી રાજેશભાઈ ભટ્ટ તથા મંત્રીશ્રી નરસિંહભાઈ પરમાર સેક્ટર-૩ના ઉકેલી શકાય તેવા પ્રશ્નોનો લાંબા સમયથી રજૂઆત પછી પણ નિકાલ નહિ આવતા ઉપવાસ આંદોલન કરવું પડે તે શરમજનક ઘટના છે.

સેક્ટરોના બગીચાની હાલત ખુબ જ ખરાબ છે. લાઈટો બંધ છે. સોલારલાઈટનો એક પણ થાંભલો ચાલુ નથી. પરિણામે અંધારપટમાં અસામાજિક તત્વો ગેરલાભ લે છે. બાળકો વૃદ્ધોને બગીચામાં ભારે હાલાકી ભોગવવી પડે છે. સેક્ટર-૩ અને સેક્ટર-૨૨માં બગીચાઓ ક્રિકેટ ગ્રાઉન્ડમાં ફેરવાઈ ગયા છે.

બગીચામાં ગટરનું પાણી શુદ્ધ કરીને બગીચામાં વાપરવાનું વાતનું સુરસુરીયું થઈ ગયેલ છે. બગીચામાં પાણી, સ્ટાફ, ચોકીદારની જરૂરી વ્યવસ્થાની સેક્ટર-૩ની માંગણી યોગ્ય છે. હલ તાત્કાલિક કરવાની જરૂર છે.

રોડ, રસ્તા, સરકારી આવાસોના સમારકામમાં ધ્યાન પુરતુ અપાતું નથી. સેક્ટર-૩માં આવી પરિસ્થિતિનો પડઘો પડેલ છે. તો તંત્રએ તાત્કાલિક આ આંદોલન સ્થગીત કરાવવા કાર્યવાહી કરવી જરૂરી છે.

ટોરેન્ટ પાવરના શ્રી રાજપૂતને સ્ટ્રીટલાઈટના ધાંધીયા તાત્કાલિક દૂર કરવા ઝુંબેશ શરૂ કરી છે. તો અન્ય વિભાગોએ પણ લોકોના પ્રશ્નનો ઝુંબેશ સ્વરૂપે નિકાલ કરવા પ્રયત્નો કરવા જરૂરી છે. સેક્ટર-૩ના પદાધિકારીઓને આંદોલનથી દૂર રહેવા માટે શહેર વસાહત મહામંડળના પ્રમુખશ્રી અરૂણભાઈ બુચ, શ્રી મયુર વ્યાસ, શ્રી સુધીરભાઈ દેસાઈ, શ્રી કશ્યપ મહેતા, શ્રી કિશોરભાઈ જીકાદરા, શ્રી કિશોરભાઈ દવેએ અપીલ કરેલ છે.





ગાંધીનગરના સેવાક્ષેત્રે ઉજજવળ નામ ધરાવતી જુનિયર સિટિઝન્સ કાઉન્સિલને વધુ એક એમ્બ્યુલન્સનું દાન પ્રાપ્ત થયું છે. ભગીરથ કન્સ્ટ્રકશનના સંજયભાઈ અને આશિષભાઈએ તેમના વડીલ સ્વ. બાબુભાઈ વીરચંદદાસ પટેલની યાદમાં જુસિકાને ઈકો એસી એમ્બ્યુલન્સનું દાન કર્યું છે. આ સાથે જ પ્રાથમિક શાળાના બાળકોને મધ્યાહ્ન ભોજન પહોંચાડતી અક્ષયપાત્ર સંસ્થાને પણ તેમણે એક વાહન દાનમાં આપ્યું હતું. (તસવીર : દીપક જાની)

# નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનો ઉદ્ઘાટન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના સેક્ટર-૨૬માં આવેલા કિશાનનગરના શ્રી ગોપાલ યુવક મંડળ દ્વારા નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો ઉદ્ઘાટન સમારોહ તા. ૨૯મી એપ્રિલ-૨૦૧૨ને રવિવારે સાંજે ૭ કલાકે નવરાત્રી મેદાન, કિસાનનગર, સેક્ટર-૨૬ ખાતે યોજાયો હતો.

ગોપાલ યુવક મંડળ દ્વારા આયોજીત ક્રિકેટ ટુર્નામેન્ટમાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર મહાનગરપાલિકાના પ્રથમ મેયર મહેન્દ્રસિંહ રાણા, ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના પ્રમુખ ડૉ. સી.જે. ચાવડા, જિલ્લા પંચાયત, ગાંધીનગરની કારોબારી સમિતિના ચેરમેન વિરેન્દ્રસિંહ વાઘેલા, જાણીતા, બિલ્ડર અને સમાજ સેવક જીતેન્દ્રસિંહ ચાવડા, ગાંધીનગર વોર્ડ નં. ૧ ના કોર્પોરેટર દેવેન્દ્રસિંહ ચાવડા અને પ્રકાશભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આમંત્રિત મહાનુભાવોની હાજરીમાં ટુર્નામેન્ટની પ્રથમ મેચ શરૂ કરવામાં આવી હતી.

## રામેશ્વર મહાદેવ સે-૩નો પાટોત્સવ ઉજવાયો

સેકટર-૩-ડી રામેશ્વર મહાદેવનો પાટોત્સવ મહોત્સવ ખુબ ધામધુમથી અને ભકિતસભર વાતાવરણમાં ઉજવાયો. મંદિરમાં વિષ્ણુ સહસ્ત્રનો સમુહપાઠ, શિવ પુરાણનું સમુહ પઠન, મહાઆરતી તથા સુંદરકાંડના સમુહ પાઠનું પણ આયોજન કરવામાં આવેલ તેમજ ગાયત્રી પરિવાર દ્વારા ગાયત્રી યજ્ઞનું પણ યોજવામાં આવેલ. રાત્રે ભજન સંધ્યાના કાર્યક્રમાં થોળ ગામની ભજન મંડળી દ્વારા ભોલેનાથના ભજનોની રમઝટ બોલાવવામાં આવેલી. સેકટરના વસાહતીઓએ ખૂબ જ ભકિતભાવથી માણ્યો અને ધન્ય બન્યા.

# કોર્ટ મેરેજથી બંધાયેલા કલાસ - ટુ ઓફિસરને છુટાછેડા આપવા યુવતીએ સાત લાખનો તોડ કર્યો

**સંબંધની બીજી બાજુ**
**- પોપટલાલ એસ. પટેલ**
**(ગાંધીનગરના શિક્ષિત સમાજની સત્ય ઘટના)**

જવાનીનો ઉન્માદ અને હૃદયની ઉર્મિઓને તથા તેમાં જાગતા સ્પંદનોને ખાળવા ખૂબ અઘરા છે. પ્રેમની પરિભાષા સમજવા પ્રયત્ન કરીએ તો તેમાં હોય છે માત્ર સ્વાર્પણ, ત્યાગ બલિદાન, તું મારી નહિં થાય તો બીજા કોઈની નહિ થવા દઉં આને પ્રેમ નહિ પ્રેમનો આતંકવાદ કહેવાય. કોલેજમાં ભણતા યુવાનો ક્યાંક ને ક્યાંક પ્રેમની ચોપાટ માંડીને બેઠા હોય છે તેમાંતી 'જનમ જનમ કા સાથ હૈ હમારા તુમ્હારા, ઈસ દુનિયામેં મીલ ન સકે તો લેંગે જનમ દુબારા'ના વચનો ક્યારે અપાઈ જાય તે બંનેમાંથી કોઈને ખબર હોતી નથી.

પ્રેમને ખો-ખોની રમત સમજી બેઠેલા યુવાનો ક્યારેક એવી પરિસ્થિતિનું નિર્માણ કરે છે કે વડીલોના જીવતરમાં ઝંઝાવાત સર્જાય છે. આવો જ ઝંઝાવાત ગાંધીનગરમાં સર્જાયો છે. એક સત્ય ઘટના પાત્રોના ફેરફાર સાથે... મનોજ અને માલતી બંને એક સાથે કોલેજમાં ભણે છે. ભણતાં ભણતાં બંને એક બીજાને દીલ દઈ બેઠા, પ્રેમની વેલ વગર પાણીએ પાંગરતી ગઈ. ક્યારેક બગીચાના ખૂણે તો ક્યારેક થિયેટરમાં પ્રેમ છલકાતો રહ્યો. બંનેને લાગ્યું કે બસ આનું નામ જ જિંદગી અને તેમણે જિંદગીના હમ સફર બનવાનો નિર્ણય કર્યો બંને કોર્ટમાં ગયા અને લવમેરેજ કરી લગ્ન રજીસ્ટર કરાવી લીધા. બંનેના પરીવારોથી છાને છપને આ મહા પરાક્રમ કરી લીધું. પછી બંનેએ રાબેતા મુજબ પોત પોતાના ઘરે જીવન ગુજારવા માંડ્યું. મનોજે ગ્રેજ્યુએટ થયા બાદ સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપી કલાસ-૨માં સરકારી નોકરી મેળવી લીધી અને તે નોકરી કરવા લાગ્યો... દુરના સ્થળે... આ બાજુ માલતી એકલી પડી. બંનેની મોબાઈલ પર વાતો ચાલતી હતી પણ માલતીને હુંફ જોઈતી હતી અને તે બીજા યુવકના પ્રેમમાં પડી. મનોજને આ વાતની જાણ થઈ તેણે માલતીને કોલેજ જીવનની મધુર પળો તાજી કરાવી, પણ આધુનિક્તાના રંગે રંગાયેલી માલતીનો પ્રેમ વહેંચાઈ ગયો, તે પાછી ફરવા તૈયાર ન હતી. મનોજને સારી નોકરી મળી હોવાથી નાતમાંથી માંગાં આવવા લાગ્યા. એક સુંદર છોકરી પસંદ કરી તેની સાથે ઘડીયા લગ્ન લેવાયા. ધામધુમથી બંનેના પોતાના સમાજમાં લગ્ન થયા. મનોજ પોતાની પત્નિને લઈ હિલ સ્ટેશને હનીમૂન મનાવવા ગયો.

એક સપ્તાહ બાદ બંને પાછા ફર્યા અને દસમા દિવસે અચાનક માલતી (તેની કોલેજ જીવનની પ્રેમિકા-મંગેતર) મનોજના ઘરે આવી પહોંચી. તેના માતા-પિતાને મળી અને તેણે મનોજ સાથે કોર્ટ મેરેજ કરેલા તે સર્ટી રજૂ કર્યું. મનોજ મારો પતિ છે તે બીજા લગ્ન કેવી રીતે કરી શકે ? હું તેની કાયદેસરની પત્નિ છું. મનોજના માતા-પિતા પર વીજળી ત્રાટકી. મારો દીકરો આવું ન કરે. તેમણે મનોજને બોલાવ્યો.

સઘળી વાત જાણી મનોજે સત્યનો સ્વીકાર કર્યો. મા-બાપે કહ્યું આટલી મોટી વાત તે અમારાથી છુપાવી કેમ ? હવે મારે વેવાઈને શો જવાબ આપવો ? આવનાર કન્યાનું શું ? મા-બાપે માલતીને કાકલુદી કરી. અમારી ઈજ્જતનો સવાલ છે સમાજ અમને નાત બહાર કાઢી મૂકશે, તું સમાધાન કરી છુટાછેડા લઈ લે... માલતીએ ધડાકો કર્યો જો સમાધાન કરવું હોય તો લાવો ૨૦ લાખ રૂપિયા. મા-બાપ હૈયાફાટ રૂદન કરવા લાગ્યા. ૨૦ લાખ લાવવા ક્યાંથી ? ઘર વેચે પણ મેળ પડે તેમ ન હતો. માલતીએ કહ્યું હું કોર્ટમાં કેસ કરીશ. મનોજની નોકરીનો સવાલ હતો. સમાજમાં આબરૂના ધજાગરા થાય તેનો ભય હતો આનો ઉપાય શું ? મનોજના પપ્પાએ સમાજ આગળ રાવ નાંખી આનો કોઈ ઉકેલ લાવો. માલતી કોઈ હિસાબે માનવા તૈયાર નથી, પછી તો પંચાતિયાઓનો દોર ચાલ્યો. મીટીંગો ઉપર મીટીંગો થઈ. માલતીના પરીવારને સમજાવી શકે કે દબાણ લાવી શકે તેવા પ્રયત્નો શરૂ થયા. પુષ્કળ પ્રયત્નોને અંતે એક વર્ષ બાદ માલતી છુટાછેડા માટે તૈયાર થઈ પણ સોદો થયો રૂ. સાત લાખમાં... વડીલો ગામમાં નીકળતાં મોં સંતાડવા લાગ્યા... પણ થાય શું ? જુની આંખે નવા તમાશા તે આનું નામ.

**પ્રેમસંબંધ તૂટયા બાદ સરકારી અધિકારી યુવકે અન્ય યુવતી સાથે ધાર્મિક વિવિધધાન સાથે લગ્ન કરતાં જ કોર્ટ મેરેજના દસ્તાવેજ સાથે પ્રેમિકા પ્રગટ થઇ : છૂટાછેડા માટે ૨૦ લાખની માંગણી કરી આખરે ૭ લાખમાં સોદો થયો**

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૨૪
સૂર્યાસ્ત : ૦૭.૦૩

## તાપમાન

મહત્તમ : ૩૯.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૮ ટકા ● સાંજે ૨૦ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧ :** ધ એવેન્જર (હિન્દી) : ૧૦.૩૦
તેઝ : ૧.૩૦, ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦
**સ્ક્રીન-૨ :** તેઝ : ૧૦.૦૦, ૧૨.૧૫, ૨.૩૦, ૭.૪૫, ૧૦.૩૦
ધ એવેન્જર (અંગ્રેજી) : ૫.૦૦
**સ્ક્રીન-૩ :** તેઝ : ૧.૩૦, ૫.૦૦
ધ એવેન્જર (હિન્દી) : ૨.૧૫, ૭.૩૦, ૧૦.૧૫
હાઉસ ફૂલ ૨ : ૧૧.૧૫
**સ્ક્રીન-૪ :** લાઈફ કી તો લગ ગઈ : ૧૦.૦૦, ૫.૧૫
હેટ સ્ટોરી : ૧૨.૩૦
વીકી ડોનર : ૩.૦૦
તેઝ : ૧૦.૧૫
હાઉસ ફૂલ ૨ : ૭.૩૦, ૧૦.૩૦

### સિને મેક્સ

**સ્ક્રીન-૧ :** ધ એવેન્જર ૩-ડી(હિન્દી) : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૨ :** તેઝ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
**સ્ક્રીન-૩ :** વીકી ડોનર : ૯.૩૦, ૧૨.૧૫, ૨.૪૫, ૭.૪૫, ૧૦.૧૫
હેટ સ્ટોરી : ૫.૧૫
**સ્ક્રીન-૪ :** હેટ સ્ટોરી : ૯.૪૫, ૧૨.૪૫
હાઉસ ફુલ ૨ : ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

### સૂર્યા, વાવોલ

તેઝ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
જુરાસિક આઈલેન્ડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### સામાજિક

- ગાંધીનગરની જાણીતી બાલ સંસ્થા કલરવના ઉપક્રમે ૮ થી ૧૪ વર્ષના બાળકો માટે રંગમંચલક્ષી કલાઓની તાલીમ શિબિર ગાંધીનગરની સેન્ટ ઝેવિયર્સ સ્કુલ ખાતે સવારે ૭.૩૦ કલાકથી પ્રારંભ
- જ્યોતિ મહિલા મંડળ દ્વારા જિલ્લા પોલીસ અધિક્ષક અર્ચના શિવહરેના અધ્યક્ષ સ્થાને બપોરે ૩.૩૦ કલાકે, અરવિંદ કેન્દ્ર, સેકટર-૨૩ ખાતે જનજાગૃતિનો કાર્યક્રમ.

### ધાર્મિક

- સેકટર-૩માં આવેલ દેરાસરમાં આજે શ્રી આદિશ્વર શ્વેતામ્બર મૂર્તિ પૂજક જૈન સંઘના દેરાસરની નવમી સાલગીરા ઉજવાશે. જેમાં સવારે ૮.૩૦ કલાકે નવકાર મંત્ર અને ૯.૦૦ કલાકે ધ્વજા રોહણનો કાર્યક્રમ

## આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ** : કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થઈ શકે છે. નોકરીમાં ઉપરી અધિકારીઓનો સહયોગ મળી શકે છે. ધર્મમાં આસ્થા વધશે. ધન લાભ થવાની શક્યતા છે.

**વૃષભ** : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા મળી શકે છે. આરોગ્યલક્ષી ચિંતાનું સમાધાન થઈ શકે છે. ઈચ્છાઓની પૂર્તિ થતી જણાય.

**મિથુન** : કૌટુંબિક ચિંતાઓ દૂર થતી જણાય. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે. પ્રગતિવર્ધક સમાચાર મળી શકે છે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે.

**કર્ક** : નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકે છે. વ્યાપારમાં મુશ્કેલીઓ ન વધે તે માટે સચેત રહેવું. ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**સિંહ** : શોધ, અનુસંધાનપૂર્ણ કાર્યોમાં ધન તેમજ સમય પસાર થઈ શકે છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનનો યોગ બને છે. શોધપૂર્ણ કાર્યોથી વિશેષ લાભ મળી શકે છે.

**કન્યા** : પદ, મકાન, વાહન સંબંધી લાભ પ્રાપ્તિ થઈ શકે છે. ઉચ્ચસ્તરીય વાહન સુખ પ્રાપ્ત થઈ શકે છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રાઓ થઈ શકે છે.

**તુલા** : સંતોષપ્રદ વાતાવરણ જળવાઈ રહે છે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભવના છે. વિચારેલું કાર્ય સમય પર થઈ શકે છે.

**વૃશ્ચિક** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થઈ શકે છે. નોકરીમાં સ્થિતિ મજબૂત બનતી જણાય. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ મળી શકે છે.

**ધન** : કુટુંબમાં માંગલિક કાર્યનું આયોજન થઈ શકે છે. રોગ, શત્રુ વિવાદ વગેરેમાં ખર્ચ થવાની સંભાવના છે. માનસિક ત્રાસથી બચવું. આવકના સ્ત્રોતમાં વધારો થઈ શકે છે.

**મકર** : વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓનો નિકાલ આવતો જણાય. આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા છે.

**કુંભ** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેમાં ઉત્સાહભેર ભાગ લઈ શકો છો.

**મીન** : લક્ષ્યને ધ્યાનમાં રાખીને પ્રયત્ન કરશો, તો સફળતા જરૂરથી પ્રાપ્ત થઈ શકે છે. શુભ કાર્યોમાં સામેલ થવાથી યશ અને સન્માન મળશે.જ્ઞાન વૃદ્ધિનો યોગ.

## ચિરવિદાય

- સ્વ. ઈલાબેન રમેશભાઈ પરમાર (ઉ.વ. ૬૭) બ્લોક નં. ૧૮૩, હરસિધ્ધ નગર, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. મનોરમાબેન જગદીશકુમાર શાહ (ઉ.વ.૬૬) બ્લોક નં. ૧૨૦ વૃંદાપાર્ક, સેકટર-૨૨, ગાંધીનગર.
- સ્વ. મહિપતરામ અમરદાસ આચાર્ય (ઉ.વ. ૮૭) પ્લોટ નં. ૨૭૬/૨, સેકટર-૪/એ, ગાંધીનગર.
- સ્વ. દયાશંકરસિંહ રામલોચનસિંહ (ઉ.વ.૬૫) સાબરમતી બેન્ક ઓફ બરોડાની સામે, અમદાવાદ